પારસી કોમનો

સખાવતી સપુત

શેઠ બેહરામજી જીજીભાઈ

સી. એસ. આઇ.



ન:માંકિત કારકીર્દીનો મુખ્તેસર ઈન્તેખાબ

…ક:-સિયાવશ હો. આબવાળા બી. એ.

K. P. Press, Bombay.

23708

स३७३ पा८४५१५

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૩૭૦૮

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૩૭૦૮ वर्गांक

पुस्तकनुं नाम શેઠ જોહરામજી જીજીભાઈ

विषय स१७३प८४५१७ महेता

U. I.
10 NOV 1927

- માણેકજી
  - જીજીભાઇ
    - મહેરવાનજી મુંગા
      - દાદાભાઈ
        - જીજીભાઈ
          - મહેરવાનજી
          - બમનજી
          - સોરાબજી
          - બેહેરામજી
            - નાનાભાઈ
              - રૂસ્તમજી
                - બહેરામજી
                  - [redacted] નાનાભાઈ
                  - જમશેદજી
                  - જેહાંગીર
                - જીજીભાઈ
                  - જમશેદજી
                  - રૂસ્તમજી
                - દાદાભાઈ
                - મહેરવાનજી
                - ખરશેદજી
              - દાદાભાઈ

કોઈપણ પારસી સપુત પોતાની હાતેમદીલી અને સખાવત માટે નાનાં યા મોટાં પ્રમાણમાં મશહુર છે—બલ્કે તેની હાતેમદીલી એજ તેની નામના ને જેબ આપનારું તત્વ છે. પારસીઓ આગળ વેપારવણુજ, ધંધા ઉદ્યોગમાં પડતા, તેમાંથી સારૂં દ્રવ્ય મેળવતા અને તે દ્રવ્ય મેળવ્યા બાદ તેને કોમ અને દેશના ઉદય માટે વાપરતા. દોલત સંપાદન કરવી એ ઉદ્યોગ અને સારાં નસીબની ગવાહી છે પણ તે મેળવેલી દોલતનો પરાયાં માટે ઉપયોગ કરવો એ પરદુઃખભંજન અને પરમાર્થી શુરાઓનુંજ કામ છે. કેટલીક વખતે એવા પણ ટીકા થતા આપણે સાંભળ્યે છીએ કે લાખો અને કરોડોની દોલત મેળવી તો તેમાંથી થોડાક હજાર આપવામાં શું મોટી વાત છે ? પણ દાતાનું દાન કાંઈ પૈસાથી અંકાતું નથી એ એવા ટીકાકારો ભુલી જાય છે : તે તો ફકત જીગરની મોટાઈથી અને દીલની દીલાવરીથીજ અંકાય છે. પયગમ્બર **ઈશુ ખ્રિસ્તે** એક વખતે કહ્યું હતું કે જે એક વિધવાએ પોતાની એક રૂપિયાના દોલતમાંથી એક આનો સખાવતમાં આપ્યો તે બીજા જયુ કે જેણે પોતાના કરોડોની દોલતમાંથી એક લાખ રૂપિયાં આપ્યા તેના કરતાં વધુ સખાવતી છે. શેઠ **બેહરામજી જીજીભાઈ** બહુ દ્રવ્યમંદ હતા એમ કહેવામાં લગારતાસુબી આમેઝ કરીશું. પણ તેમનાં નાનાં પાતળાં અંગમાં એક બહુ મોટું જીગર સમાયલું હતું તેજ તેમનાં નામાંકિત કાર્યોની ગવાહી છે. શેખ સઆદી જણાવે છે કે :—

બુઝોર્ગી બઅકલ અસ્ત નબસાલ
તવાંગરી બદીલ અસ્ત નબમાલ.

તે સખુન આજેબી ખરા છે.

જીજીભાઈ દાદાભાઈ.

વાડીઆ ખાનદાન, રેડીમની ફેમીલી, બનાજી, પોંચાજી વિગેરે નામોચાં કુટુમ્બોએ વ્હાણવટીઓનો ઉધ્યોગ અને વ્હાણ મારફતનો વેપાર હુન્નર સ્થાપ્યો હતો અને તેથી હિંદુસ્તાનમાંજ ફકત નહિ પણ ખુદ દૂર દેશાવરોમાંબી પારસી નામ પ્રકાશિત થયું હતું. મુંબઈની ગોદીઓ પારસીઓએ બાંધી હતી અને પારસીઓનાં ગોયા પોતીકાં વ્હાણો વટીક ચાલતાં હતાં. એવા મોટા વેપારીઓમાં **જીજીભાઈ દાદાભાઈ** બહુ આગળ પડતી હરોળમાં આવી જઈ શકે છે. એમના જમાના બહુ જૂના છે. તેઓનો જન્મ સને ૧૭૮૬ માં થયો હતો. એમનું કુટુમ્બ કોટ, ગોળવાડની ગલીમાં રહેતું હતું તે વખતની રૂઢી મુજબ મહેતાજીના હાથનીચે એમણે શરૂઆતની કેળવણી લીધી હતી અને તેમાંબી તે ગુજરાતી, હિસાબ વિગેરે ને લગતીજ હતી. અંગ્રેજી કેળવણીમાં એઓ ઉંચે ગયા હતા એવું કાંઈ જણાયું નથી. પાછળથી એઓ વેપારવણજમાં પડ્યા અને મુંબઈ ઈલાકામાં ચાળીસ વર્ષ સુધી એમનું નામ ગોયા ધંધા ધાપામાં હોલમાર્ક તરીકે ગણાતું.

જીજીભાઈ શેઠ હજી તો બચગીમાં હતા ત્યારે તેઓએ અંગ્રેજી પેઢી **મેસર્સ લીકી** અને **માલ્કમને** ત્યાં ફકત રૂા. ૨૦) ના હલકા દરમાયાએ એક ગોડાઉન કીપર તરીકે પોતાના જીંદગી શુરૂ કીધી.



સખાવતે બહાદુર

જીજીભાઈ દાદાભાઇ.

પાછળથી એઓ **મેસર્સ સાટન** અને **માલ્કમની** કંપનીના એક **બ્રોકર** યાને **દલાલ** તરીકે જોડાયા અને જ્યારે **મેસર્સ ડાયરમ કાર્ટર**ની પેઢી પહેલવ્હેલી નીકળી ત્યારે તેની સર્વે દલાલીનો આંકોશ એઓના હાથમાં મેલાયો હતો, ત્યાર બાદ તો એઓ જીસબર્ન, કીંગ, આર્બુથીંગ્ટન મેકલીન લન્કેસ્ટર, ગેબ્રીઅલપોપ, એડમન્ડબીબી વિગેરેની કંપનીમાં મુંખ્ય દલાલ નેમાયા હતા અને તેમાંથી તેઓએ લાખોની દોલત પેદા કરવા માંડી. જેમ આ પેઢીઓ નાણું મેળવતી અને એઓ કમાતા તેમ વળી તેઓ જયારે ખો હતા ત્યારે એઓ એબી ગુમાવ્યું હતું. એક વખતે બે વર્ષમાં જીજીભાઈ એ રુપયા ૧૬] લાખ ગુમાવેલા જણાવવામાં આવે છે.

જ્યારે એમના સાથી વેપારીઓ પછી તે ગમે તે કોમના હોય તેમની ઉપર મુસ્કેલી આવી ચઢતી ત્યારે એઓએ પોતાની થાપણમાંથી મદદ આપીને બચાવ્યા હતા. યુરોપ અને ચીન ઉપરાંત ખુદ ઈજીપ્ટમાંબી એમની પેઢીઓને સંબંધ હતો અને મલબાર કોસ્ટા પર નાળિયેરની મોટી એસ્ટેટો ધરાવતા હતા વળી સીલોન અને બેનકુલેનના ટાપુઓ પર બહુબહોળા પાયા ઉપર એમનાં કાફીનાં ખેતરો હતાં કે જેની કાફી આખા હિંદુસ્તાનમાં વખણાતી અને જ્યારે તે કાફી ઈજીપ્ત કે જાવા સુમાત્રા જેવા ટાપુઓમાંબી જતા ત્યારે જીજીભાઈની કાફી ત્યાંના માલનેબી ખુદ ટકકર મારતી.

પશ્ચિમ કોસ્ટાપર આજે લોકોને આવજા કરવા માટે કેટલાંક વહાણો ચાલે છે અને સ્ટીમ નેવીગેશન કંપનીઓ જમીનપરની

રેલ્વે કંપનીઓની માફક ધારે છે. તેના પહેલેવહેલા સ્થાપક જીજીભાઈ દાદાભાઈ હતા. આ માર્ગ ચાલુ કરવા માટે પહેલવહેલું વહાણ "જેમ્સ રીવેટ કરનાક" કે જે તે વખતનો મુંબઈનો ગવર્નર હતો અને જેનાં નામપરથી કર્નાક બ્રીજ, કર્નાક રોડ વિગેરે પડ્યાં છે તેનાં નામ પરથી પશ્ચિમ કોસ્ટાપર હંકારવામાં આવ્યું હતું. તે જીજીભાઇ શેઠના મૂળ પ્રતાપથી થયું હતું. તે કંપની માટે તેઓએ એક કંપની કાઢી હતી અને તેમાં તેમનો પોતાનો હિસ્સો બહુ મોટો રાખ્યો હતો. ૭ વર્ષમાં તો જીજીભાઈએ ભાગીદારોમાં સારો જેવો નફો વ્હેંચ્યો હતો.

તેઓએ વળી બેન્કીંગ સાહસની ખીલવણીમાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. ઓરિયન્ટલ અને કમર્શીઅલ બેન્કોમાં એમનોજ મૂળ હાથ હતો અને તેઓ મારફતે તેઓએ મોટાં બીઝનેસો કર્યાં હતાં એટલુંજ નહિ પણ તેના તેઓ મોટી સંખ્યામાં શેરો ધરાવતા હતા. વળી ચેંબર ઓફ કોમર્સમાં બીરાજવાનું અનુપમ માનણી આ શેઠિયાને મળ્યું હતું. જેની મોટાઈનો આજે આપણને ઝાઝો ખ્યાલ નથી આવતો પણ તે જમાનામાં તે બહુ અગત્યનો દરજ્જો ગણાતો.

વળી પંચાયતના તેઓ એક આગેવાન ટ્રસ્ટી હતા અને તે વખતે પારસીઓ ઝાઝા કોર્ટે નહિ જતાં પોતાના મુકદમાઓ પંચાયત મારફતેજ આપસઆપસમાં ચુકવતા. એવી લવાદોમાં જીજીભાઈ શેઠે કોમને ભારે વિશ્વાસ આપ્યો હતો.

જીજીભાઈ દાદાભાઈ ટ્રસ્ટ.

જીજીભાઈ એ પોતાનાં મરણની થોડાં વર્ષ અગાઉ **રૂપિયા** લગભગ **ત્રણ લાખ** અનામત કાઢીને તેનું ટ્રસ્ટ બનાવીને પારસી ધર્મખાતાંઓ તેમજ બીજી સંસ્થાઓ અને પારસી ગરીબ લાચારોને મદદ કરવા સારૂં પોતાનાં કુટુંબીઓને તાબે મૂકી ગયા હતા. ૧૮૪૯ નાં "મુંબઈ સમાચાર" માં જે ફકરો એ બાબે આપવામાં આવ્યો છે તે એમનો એમ અસલ જોડણી અને અસલ ગુજરાતીની અંદરજ અત્રે હું રજુ કરીશ જે ઉપરથી મજકૂર ટ્રસ્ટ ફંડ બાબે વાંચનારને સારો ખ્યાલ મલી શકશે. "સમાચાર" કહે છે કે :—એ સવરગવાશી ગ્રૃહસ્થની ઉઠમનાની કીરીઆ થઈ તે વખતે એ મરનારના પુનને વાસતે ધરમ ખાતે આપતી કીધેલી મોટી રકમનુ એક કાગલીઉં પારશી પંચાએતના મેતા અરદેસર દાદાભાઇએ મીજલસમાં વાંચી સંભલાવેઉં, તે ઉપરથી જાણેઆમાં આવેઊંચ કે, એ સ્વર્ગવાશી ગ્રહસ્થ દુઃખી, દલિદર તથા લાચાર માણસોની મદદ અને દાદને વાસ્તે રૂપીઆ બે લાખની એક મોટી રકમ પોતાના વશીએતથી ધરમખાતે મલી ગયા છે........એ મરનારે પોતાના વશીઅતથી આપેલી રકમના તરશટીઓ પોતાના છોકરાઓને થેડવેઆ છે; અને તે પુંજીનું વીઆજ જે ધરમના કામોમાં ખરચેઆવામાં આવે, તે કામોના વહીવટ ઉપર

અંમલ ચલાવવાનો અખતેઆર તેઓના હાથમાં રાખેઅ મ! આવેઓ છે ; અને વીઆજના ઉપજનો જમે ઉધારનો દર વરસનો હીસાબ તેઓના બાબના વશીએતમાં ફરમાવેઆ પરમાણે મુંબઇની પારશી પંચાએતના અધીકારીઓમાંથી દરેક ૪ ગરહસ્થોને દેખાડવામાં આવશે. ”

મજકૂર ટ્રસ્ટ ફંડને સ્થાપીત થયાંને આજે ૮૦ વર્ષો થયાં છે અને તે દરમ્યાન લાખો જરથોસ્તી લાચારોનું તેમાંથી ભલું થવા પામ્યું છે. આ ખાતાંના પહેલવહેલા સેક્રેટરી કેળવણી ખાતાંના ઇન્સ્પેકટર મી. જેહાંગીરજી હોરમસજી હતા.

જીજીભાઇએ તે વખતમાં બહુ ઊંચી ગણાતી સખાવતો બીજી રીતેબી કરી હતી. તેમાં ખાસ કરીને કોલાબે ખાતે બંધાવેલી દરેહમહરેમાં તેઓએ અડધો લાખ રૂપિયો ખર્ચ કીધો હતો અને બાજી ખાનગી સખાવતો મલીને બીજો રૂપિયો એક લાખ સખાવતમાં આપેલો નોંધાયો છે.

જીજીભાઈ ફકત ધાર્મિક સખાવતોમાંજ માન્યતા ધરાવતા હતા નહિ. પણ કેળવણીને આગળ પડતી લેખીને ખાસ કરીને હમકોમી લાચારોને કેળવણીની દિશાએ આગળ વધારવા સારૂં પુષ્કળ પસો વેર્યો હતો.

શેઠ બેહરામજી જીજીભાઈ.

——: ૦ :——

પહેલાં પાનાં ઉપર જણાવ્યા પ્રમાણે જીજીભાઇ શેઠના ચાર દીકરાઓ હતા. મહેરવાનજી, બમનજી, સોરાબજી અને સૌથી નાના બહેરામજી તેમનો જન્મ રવીવાર ૧૬ મી જ્યૂન સને ૧૮૨૨ માં થયો હતો. જીજીભાઇવાળાંઓ સર્વ તે વખતે કોટમાંજ રહેતાં હતાં. મુંબઇનો કુલ વેપાર વણજ, ધંધો—ધાપો ગોયા કોટના પારસી બજાર તેમજ હાલ જેને ચર્ચગેટ સ્ટ્રીટ, ટેમરીન્ડ લેન કહીએ છીએ ત્યાં આગળ આવી રહયો હતો. માટે માતબર જાણીતી પેઢીઓ તેમજ પારસી વેપારીઓના રહેવાનાં ઘરોબી આજ ચકરડામાં આવી ગયાં હતાં. સર જમશેદજી જીજીભાઈનું રહેઠાણ હાલ એવન્સ ફ્રેઝર છે ત્યાં આવ્યું હતું, સર કાવશજી જેહાંગીર રેડીમનીની પેઢી હાલ હોંગકોંગ બેંક છે ત્યાં હતી. તેમ જીજીભાઈ વાળાઓનું સર્વ કમઠાણ હાલમાં તાતા બેંક અને જીજીભાઈ દાદાભાઇ લેન છે ત્યાં તેની પાછળ તેમજ નજીકના ભાગોમાં આવી રહ્યું હતું. પણ જેમજેમ વેપારવણજનો આ લત્તો ખીલતો ગયો તેમ તેમ વસવાટ માટે પારસી શાહસોદાગરો હાલ જ્યાં તાડદેવ, ગ્રાન્ટરોડ, ધોબીતળાવ વિગેરે છે ત્યાં ખેંચાવા લાગ્યા. શેઠ બેહરામજી જીજીભાઈ આ રીતે જો કે વેપારવણજ માટે કોટમાં આવતા જતા છતાં એમનું રહેવાનું મૂળ સ્થળ તાડદેવ ખાતેનો “ તાડદેવ કાસલ ” ને નામ ઓળખાતો આલીશાન મહેલ હતો તે હતું. તેથીજ

નામીચો શાયેરી લખનાર પોતાની બહેરામજી જીજીભાઈ સંબંધી કવિતાની શુરૂઆતમાં જણાવે છે કે :—

હવે આ હકીકત જેનાની લખાએચ
હરૂફોની હારોમા હીરા નખાએચ.
જે નરને જો કોઈ ના ઓલખતું હોએ
તો સુખેથી તારદેવ પર જઇને જોએ.
છે મુંગાના ખાનદાનનો ચોથો નબીરો.
શકરમી જીજીભાઈ શેઠનો વીરો.
ફતેહમંદ પાંમેઓ છે બેરાંમજી નામ
રહે છે તે ઉપર જણાવેલે ઠામ.

મેઈનવોરિંગ નામનો એક જાણીતો યુરોપીઅન શિક્ષક થઈ ગયો હતો જેના નામથી એક ફત્તેહમંદ અંગ્રેજી સ્કૂલ મેડોઝ સ્ટ્રીટમાં ચાલતી હતી જેમાં આગળ મોટે ઘેરના પારસી છોકરાઓ શીખવા આવતા હતા. બેહરામજીએ પોતાની કેળવણી આ મેઇનવોરિંગની સ્કુલમાં શુરૂ કીધી હતી અને ફકત ૧૭ મે વર્ષથી પોતાના કાબેલ પિતાની સાથે ધંધાવેપારમાં પડયા અને જીજીભાઈ દાદાભાઇ એન્ડ સન્સની પેઢી ચલાવવા લાગ્યા. પણ ૧૮૫૩ ના સાલમાં મજકૂર કંપની બંધ પડી અને ચારે ભાઇઓ છુટા પડયા અને બહેરામજીએ એલાહિદો પોતાનો ધંધો ચલાવવા માંડયો. એ અરસા દરમ્યાન કીલીક નીકસન, જયોર્જ કીંગ અને રોબીન્સનની કંપની જેવી મોટા અંગ્રેજી વેપારી કંપનીઓની દલાલી એમને મળવા લાગી.

વળી એજ અરસામાં મુંબઇમાં મીલ ઉધ્યોગે પોતાનો પગ પેસારો બહુ મજબુત કરી દીધો હતો અને કાવશજી દાવર જેઓએ એ દિશાએ પહેલવહેલા શુરૂઆત મુંબઇ ખાતે કરી હતી તેમની શુભ કોશેશોથી પીટીટ, વાડીઆ, મંગળદાસ નાથુભાઇ તેમજ જીજીભાઇ વાળાઓ મીલ ઉધ્યોગ તરફ ભારે ખેંચાયા હતા અને સર્વ પોતાનું આ નાણું ઉધ્યોગની ખીળવણીમાં વાપરવા લાગ્યા હતા. "ઓરિયન્ટલ મીલ" નાં નામથી એક રૂની મીલ સ્થપાઇ હતી જે બીજે નંબરે આવતી હતી. તે મીલના શુરુઆતથીજ બેહરામજી શેઠ એક ડીરેકટર નીમાયા હતા અને એમની કારસાજીથી આ મીલ બહુ પગભર થઇ ગઇ હતી. ત્યાર બાદ ૧૮૬૦ મા તો એમણે પોતેજ એક તેવી મીલ કાઢી હતી અને તેનું નામ "રૅાયલ સ્પીનીંગ મીલ" હતું. એવાં કેટલાંક ખાતાંઓ સાથે તેઓ સીધો સંબંધ ધરાવતા હતા. વળી જાણવાજોગ બીના તો એ છે કે તે વખતમાં ઘણું કરીને ડીરેકટરોની બોર્ડમાં યુરોપીયનોજ મોટાં મોટાં લવાજમે આવતા. બહેરામજી જીજીભાઈ તે વખતે એકલાજ એવા દેશી હતા કે જેઓ ડીરેકટરોની બોર્ડમાં બેસતા એટલુંજ નહિ પણ વળી તેમની સલાહ વિગેરે પણ યુરોપીઅન ગણત્રી બાજો લેતા.

વળી જુદે જૂદે વખતોએ એમણે નીચલી સંસ્થાઓની સ્થાપના કરવામાં યા તો તેને ચલાવવામાં આ ગળ વધારવા સારુ પોતાની જહેમત યા પૈસાનો કીંમતી ભોગ આપ્યો હતો, બોમ્બે સ્ટીમ નેવીગેશન કંપની, બોંબે ફાયર ઇન્શ્યુરન્સ કંપની, એપોલો પ્રેસ

કંપની, કોલાબા લેન્ડ ઈમ્પ્રુવમેંટ કંપની, બૉમ્બે પીઅર કંપની, કમર્શીઅલ બેંક વિગેરે સંસ્થાઓને એમના વહિવટ વિના ચલાવવું મુશ્કેલ પડતું હતું. આજે એમાંની લગભગ સર્વ સંસ્થાઓ હૈયાત છે તે એમના કારોબારની અમુલ્ય ગવાહી પૂરી પાડે છે.

દેશની થાપણનો દેશમાંજ રૂડો ઉપયોગ થવો જોઇએ એવી માન્યતાના આધારે મુંબઈમાં વીમા સંબંધ આજે જે ઉદ્દયોગ ચાલી રહયો છે તેની શુરૂઆત મોટે ભાગે શેઠ બેહરામજીને આભારી હતી. જ્યારે ગણત્રી કાઢવામાં આવી ત્યારે જણાયું કે યુરોપથી કેટલીક વીમા કંપનીઓ અત્રે સ્થાપન થઈ હતી અને તેઓએ થોડાં વર્ષના અરસામાં રૂપિયા પાંચ કરોડ ખીસામાં ઉતાર્યાં હતા. તેથી દેશનું સોનું દેશમાં જળવાઈ રહે એ વિચારથી તેઓએ મજકૂર બૉંબે ઈન્શ્યુરન્સની કંપની કાઢી હતી જેનું આજે લાખોનું તો રીઝર્વ ફંડ થવા પામ્યું છે. એમની રૂડી ઉદ્યમી જીંદગી થી જે ધંધો ધાપો અને ઉધ્યોગ બરપા થયો તેની તારીફ કરતાં જૂનો તવારીખનવેશ એક ઠેકાણે લખતાં જણાવે છે કે :—વેપારવણુજના કામોમાં આ શેઠની સહમજ શકતી સરવે મંડલીમાં હેવી તો પરખેઆત થઇ રહીચ કે, તેને લગતી કેટલીક બેંકો, ફીનાનસો, વીમાઈ પેહડીઓ, સ્પીનીંગો અને રેલ્વે કંપની ઇતીઆદી ખાતાંઓ, આ સાહેબનો આભાર માનતાં આપણી નજરે પડે છે, આવા વહીવટની ઉપર જારથીએવણ ડાએરૈકટરપણાનો અમલ ચલાવવા લાગા, તારથી તે જાહેર ખાતાંઓની સ્થીતી સુધરાઈ ને દરજજે

પોંહચનાં, તેઓનું સઘળું કામ સારી રીતે ચાલેઆથી, તેમાં ભાગ રાખનારાઓના હકો વગર ધાસતીએ સચવાય છે; અને તેટલા ઉપરથી આ સાહસીક શેઠીઆને તે બાગેની સાબાશી પણ સદા મલતી માલુમ પડે છે.”

આ સઘળો ઉધયોગ અને વેપાર બેહરામજી શેઠમાં સાહસ ઉધાયોગ અને ઉન્નતરની બુધ્ધિ કેટલી હતી તેનો કંઇક ખ્યાલ આપણને આપે.છે.

૧૮૫૫ થી ૧૮૬૨ સુધી તેઓ જમશેદજી જીજીભાઇ ઇન્સ્ટીટયુટના ઑનરરી ઓડીટર તરીકે નીમાયા હતા અને પાછળથી એજ સંસ્થાના તેઓ એક વડા અધીકારી તરીકે નીમાયા હતા અને ૧૮૬૩ માં **જસ્ટીસ ઓફ ધી પીસ** અને ૧૮૬૫ માં પારસી મેટ્રીમોનીયલ કોરટના એક આગેવાન ડેલીકેટ તરીકે તેમની નીમણુક થઇ હતી. હાલ મજકૂર કોરટના એક ડેલીગેટ થવું એ કાંઇ કોમમાં બહુ અગત્યનું દેખાતું નથી પણ આજથી પોણોસો વરસની વાત પર તેમાં ફકત આગેવાનોને અને કોમના મુખીઓનેજ આ માન આપવામાં આવતું.

ધંધા ધાપામાં આગળ વધવું એ એમની એક હીલચાલનો વીભાગ છે પણ તેઓ સ્થાવર મીલ્કતના કબ્જામા માન્યતા ધરાવતા હતા અને તેને આધારેજ છાષ્ટી પરગણાંમા આવેલાં ગોરેગામની આખી મીલ્કત એમણે જાગીર તરીકે ખરીદેલી હતી.

આ દીશાએ બધા મળીને સાત ગામો આવી રહ્યાં હતાં તેમાં ગોરેગામ માણેકજી લીમજીની માલેકી હેઠળ હતું. ૧૮૬૮ માં લીમજીના વારસો પાસેથી એવણે ગોરેગામ ખરીદી લીધું હતું. ગોરેગામમાંથી તેમને બહુ સારી આવક થવા લાગી અને ત્યાર બાદ તેઓએ છવીસ લાખનું ટ્રસ્ટ કરયું કે જેનું નામ આજેબી બેરામજી જીજીભાઈ સેટલમેન્ટ ટ્રસ્ટ એવું આપવામાં આવ્યું છે અને જેમાંથી હજારોની સખાવત થઈ શકી છે. વળી નાણું રોકવામાં તેઓ એટલી લાંબી અને ચોકકસ બુધ્ધિ વાપરતા કે એકના ડબલ રૂપીયા થઈને ઉભા રહે. દાખલા તરીકે મજકૂર ટ્રસ્ટના લીધેલા રૂપીયા ચાર લાખની લોન વધીને થોડા વરસમાં આઠ લાખ થયા.

બીજો દાખલો કલકત્તાની અંદર આપેલા રવાને લગતાં ફંડના બાબમાં રજુ કરી શકાશે. તેઓએ રૂપીયા દશ હજાર તે ફંડમાં એવી શરતે આપ્યા હતા કે જે તે વખતની કલકત્તાની અન્જુમનને ના પસંદ પડયું. પણ બેરામજીની જે કડવી સલાહ પ્રમાણે અન્જુમને જ્યારે અમલ કીધો ત્યારે તેના થોડાજ વખતમાં રૂપીયા ૩૫ હજાર થઇને ઉભા રહ્યા. આજે તેમની દુરનદેશીનું મીઠું ફળ તે આવી શકયું છે કે કલકત્તાનું રવાન ફંડ માત્ર રૂપીયા બસોથી ત્રણસોનું વ્યાજ આવવા બદલ રૂપીયા આઠસોથી નવસોની કમાઇ કરે છે.

પણ તેમની બાહોશ વેપારી બુધ્ધિ જ્યારે ૧૮૬૪–૬૫ માં શેરસટ્ટાનો પવન મુંબઇમાં જાગયો ત્યારે તેના બહુ ચોખ્ખા આકારમાં માલુમ પડી આવ્યું છે. તે સટ્ટાના જમાનામાં ભલાભલા વેપારીઓએ પોતાનું કેવું મગજ ગુમાવી દીધું હતું અને મોટા મોટા લખેસરી શેઠીઆઓ કેવા પાયમાલ થયા હતા તે અત્યારે વર્ણવવાની જરૂર નથી. રોજના શેરોના ભાવ સેંકડોથી ચઢતા અને સેંકડોથી ઉતરતા અને તેની અંદર જે બોકડાં સપડાઇ જતા તે રહેંસાતા અને જે કોઇ ઉલગબારડી મારનારા હતા તે ચીલઝપટ કરી જતા અને તેઓ લખેસરી બનતા. એમાં મુંબઈ બેંકના કારભારે લોકોને બહુજ હુલકાવી મુકયા હતા અને બેંકના શેરો તડાકામાર વધ્યા જતા હતા રોજનો એકેક જણ કરોડપતી બનતો સંભલાતો. બેરામજી શેઠની ઓફીસમાં સર મંગલદાસ નથુભાઈ શાહ સોદાગરો એકઠામળતા અને કહે છે કે સર મંગલદાસ બેરામજીને કહેતા રોજના કે "બેરામજી શેઠ આજે ફલાણો ચીનો કરોડપતી થયો. કાલે ફલાનો ચીનો દોઢ કરોડ મેળવવાને ભાગ્યશાળી થયો" ત્યારે બેરામજી તેમને કહેતા "કે આજે આપણે પચીસ લાખના ધણી એક કરોડપતીઓથી વધારે શ્રીમંત છીએ." બહેરામજીએ બેંકના ગપગોલા સર્વે શાહ સોદાગરોને ઉઘાડા પાહી આપ્યા. આથી આ સરકારી બેંકને મોટો ધોકો પોહચવા લાગ્યો અને ગવરનર સર બાર્ટલ ફ્રીઅર તેથી બહેરામજી પર બહુ નાખુશ થયો અને પોતાના બંગલે બોલાવી બહેરામજીને ધમકી વટીક આપી હતી.

પણ તેટલામાં તો બેંક તુટી, અમેરીકાની લડાઈ બંધ પડી, સટોડ્યાઓ પાયમાલ થયા અને મુંબઈ બેંકની અગમચતી કરનારા આ પચીસ લાખના બેરામજી શેઠની ગણત્રી ખરી પડી અને જ્યારે સર બાર્ટલ ફ્રીઅર કપાળ કૂટતો બેઠો ત્યારે શેઠ મંગલદાસ નાથુભાઈ અને બહેરામજી મુંછમાં હસવા લાગ્યા કે **"અંતે ધર્મો જય થયો."**

બહેરામજી શેઠ કાઉન્સિલના સભાસદ તરીકે.

પણ બહેરામજીની જાહેર જીંદગીનો ખરેખરો સફો ૧૮૬૦ માં એઓ જ્યારે મુંબઈની ધારાસભાના એક સભાસદ તરીકે નીમાયા ત્યારથી શુરૂ થઈ હતી. પોતે જેટલા દીલથી ઉદાર હતા તેટલા વળી મગજના ફેરાવન હતા અને કોઇનીબી રાખરખાવટ કરવાને તેઓ સાફ ના પાડતા કહે છે કે એક વખતે એમનો એક તુમડાં આથફાવનારો મિત્ર વાતપરથી વાત નીકળતાં કહેવા લાગ્યો કે હાં ! હું હમણાંજ............ને મળી આવ્યો. (ખાલી રહેલા ભાગમાં જે શખસનું નામ નથી મૂકયું તેમને અને બહેરામજી શેઠ વચ્ચે એખ્લાસ ભર્યો સંબંધ નહિ હતો એ વાંચ કે જાણવું જરૂરનું થઈ પડશે). તરતજ બહેરામજી રાતા પીળા થઈ

ગયા અને જણાવા લાગ્યા કે "હા ! તમે મારા આગળ તેનું ભુરૂં બોલો છો તેમ વળી તેની આગળ તમે મારે માટેબી બોલશો કે જીજુના બ્હેરામને હું હમણાંજ મળી આવ્યો". આ રીતે ખુદ દોસ્ત આસ્નાવો હોય યા સરકાર તરફના જાની મિત્ર હો તે સર્વને એઓ રોકડે રોકડું પરખાવનારા માણસ હતા. સરકાર દરબારમાં તેમનું જેટલું માન હતું તેટલો વળી તેમનો ત્રાસબી હતો. અગાઉ તો કાઉન્સિલમાં નીમણુંક કરવાની રૂઢી જાયજ ન હોતી. પણ સરકાર ધારા સભાના મેમ્બરોને પોતા તરફથી નીમતી એટલે દરેક મેમ્બર સરકારની સીધી નહિ તો આડકતરી અસર હેઠળબી રહેતો. તેમ સાધારણ રીતે સરકાર ચાહે તે કરી શકતી. બહેરામજી તેમ કદીબી થવા દેતા નહિ અને પોતે સ્વતંત્રપણે પ્રજાહિતનાં કાર્યમાં ઉમદા હમએરો અર્પણ કરતા. તે તેમની સેવાના બદલામાં બહેરામજી ને જે પ્રજા તરફનું માનપત્ર મળ્યું છે તે આજ સુધી હાલના શેઠ બહેરામજી જીજીભાઈના તાબામાં જળવાઈ રહેલું છે અને તે ઉપર દરેક કોમના માતબર પુરૂષોની હજારોથી અંકાતી સહિઓ પડેલી છે જે એમની અનુપમ સેવાનો રૂડો ખ્યાલ આપે છે. જૂના જમાનાનો કવિ એ બાબદસર કહે છે કે :—

જે કહેવાય છે સુલેહના અમલદાર
તે પછે બીરાજે આતા રાજ દરબાર.
" હાનરેબલ " નો એલકાબ ધારણ કીધો
કાંઉનશીલના હાલને સોભાવી દીધો.
થાએ છે જાંહાં ધારાબાં ધવાના કાંમ
બાનાવીને મેલવેઉં પરજામાં નામ.

મ્યુનિસિપલ એક્ટ, રૂનાં કાવત્રાંના કાયદા, તોલજોખ પીના કાયદા, શહેર સર્વેનો કાયદો, બંદર ફીઝનો કાયદો જે આજ મુંબઈ સરકારને દફતરે નોંધાયલા છે તેનું મૂળ માન શેઠ બહેરામજી જીજીભાઈ ને ઘટે છે.

મુંબઇમાં ટાઉન ડયુટિનો જુલમ ખાસ કરીને દેશી વેપારીઓ ઉપર આવી પડતો હતો. આ ઉપરથી ટાઉન ડયુટિ લેવાને લગતા કાયદો સામે બહેરામજીએ મજબુતીથી લડત કરી હતી. અનાજ જેવી રોજીંદીખાધ ખોરાકીની વસ્તુ ઉપર ડયુટિ લેવામાં આવે અને દારુ જેવી હરામ ચીજ પર નહિ હોય આ નિયમ શેઠજીએ ખોટો પૂરવાર કરી આપીને હજારો ગરીબોને બચાવી લીધાં હતાં.

એજ રીતે સર્વેના કાયદા વેળાએ તેમજ મ્યુનિસિપલ એક્ટ વેળા પ્રજાનું નાણું તેમજ પ્રજાની જાતિનીતિ ને કશો ધોકો નહિ પ્હોંચે એ બાબે તેઓએ ભારે ચોકાશી રાખી હતી. વળી ઘણાંક બીલો વેળા જે સીલેક્ટ કમિટીઓ નેમાતી તેમાં બહેરામજી શેઠની કીંમતી મદદની ભારે જરૂર પડતી.

બહેરામજીની કાઉન્સિલ સંબંધનો ટુંક સાર " જામે જમશેદ " પોતાનાં ૧૮૭૨ ના સપ્ટેમ્બર માસના એક અંકમાં નીચે મુજબ જે આપે છે તે વાંચકને ઉપયોગી થઈ પડશે.

" તારીખ ૭ મી આગસ્ટ ૧૮૬૮ ને રોજે પેહલવેહલાં સપ૧ લઇને " તેની બીજી બેઠક તેજ મહીનાની ૨૮ મી તારીખે જે મલી હતી, તે વેલાએ " શીતી સરવે "નુ બીલ પેહલી વાર વાંચવા માટે હાંનરેબલ મી૦ એલીશે કીધેલી દરખાસતની સાહમને થઇને, તે માહેલી કેટલીક કલમો જે વાંધો લેવાજોગ જણાઈ, તે ઉપર એકેક પછે લંબાંનથી તકરારો ચલાવીને પોતાના વીચારો કહી સંભલાવેઆ હતા; કારણ કે કલેકટરના ચુકાદાની સાંહમણે આપીલ કરવાની કાઇબી છુટ તે ધારામાં જે તદન નોહતી, તેની જરૂરીઆત આ શેઠીઆએ બતલાવી, તથા જમીનના માલેકોનો હક જલવાએ તેવા અગતના ફેરફારો જુદી જુદી કલમોમા કરવા જણાવેલું હતું. આ તેમના વાજેબી વીચારો સભામાં બહાલ રહેઆ, તે માટેની નોંધ ૧૮૬૮ ના ધારા બાંધનારી સભાના પુસ્તક પાંને ૧૨ તથા ૧૩ માં લેવાયલી માલુમ પડી છે."

" ટાંઉન ડીઉટીના સંબંધમાં બંધાએલા ધારાનુ બીલ હાંનરેબલ મી૦ એલીએ જારે વાંચવાની દરખાસત કીધી, તે વખતે અનાજ ઉપર નખાતા કરોની વીરૂધ એજ શેઠીઆએ પોતાનું મત કહી સંભલાવેલું હતું કે, અનાજ જે ગરીબોનો ખોરાક છે તેના ઉપર છાપો નખાયાથી, તેઓને ધણુંજ ખમવું પડશે; અને કનીઆં લોકો જગાતના બાહાંનાનો લાભ લઈ તે ઉપર ભાવબી વધારે મેલવશે. આ મતને મી૦ એલીશે જે ટેકો આપેઓ

હતો, તે બાબેની નોંધ ૧૮૬૯ ના ધારા બાંધનારી સભાના પુસતક પાંને ૭૯ તથા ૮૦ મે જણાવેલી છે. "

" તારીખ ૪ થી અકટોબર ૧૮૬૯ માં થએલી બેઠક વખતે રૂઇની અંદર થતાં કાવતરાંનો અટકાવ કરનારૂં બીલ તરીજીવાર વંચાવીને પસાર કીધામાં આવેઉં, તારે પણ તેની સાહમણે આ શેઠે બલતવારીથી બતલાવેઉં, હતું કે, પરજાને પુરતા વખતની ખબર આપેઆવના ધારામાં અચબુચ ફેરફાર સાથે જે વધારો કાંઉનશીલે કીધો છે, તે પસંદ કરવા જોગ ઠડતો નથી: કારણ કે કેટલાંક કાંમો અતાર તુલીક નીરદોસ પણામાં ગણાતાં હતાં, તેને હવે ધારામાં ગુનાહ ભરેઆં ઠેડવેઆં છે; માટે તે લોકોને આ બાબદમાં મત આપવા જેટલો વખત મલવો જોઈએ; અને તેટલાં સારૂં આ ધારો તરીજી વાર વાંચવાથી બે મહીના થોભાવવો, કેમકે એકવાર તેને પસાર કીધો તો તે માહેલી ભુલ સુધારવા માટે ઘણું અસુરું થવાનું. આ બાબે વધારે મત પડેઆથી જો કે તે ધારો એકવાર પસાર તો થયો હતો, પણ તે અંમલમાં આવેઆ આગમજ છ મહીનાનીજ અંદર નામદાર વાઈસરાએ નામનજુર કીધાને લીધે, તે હસતી પાંમેઓજ નહીં. એ સંબંધી તકરારની નોંધ સને ૧૮૬૯ ના દફતરને સફે ૧૭૩ માં વીસતારી જણાવેલી છે.

" ચેઆંમબર આવ કાંમરસ નામની વેપાર મંડલીએ રૂઇની જગાત બાબે સરકારને એવી શોચણા જણાવી હતી કે, મુંબઈ થી

નીકાસ થતા માલ ઉપર જે છાપો લેવા ઠેડવેઊંચ, તેને બદલે જે જે બંદરો તથા મથકો તરફથી હીંઆને વાસતે રૂઉ રવાણે થાંએ તે ઉપર જગાત તાંહાંજ લેવી. હાવી ભલામણ મુંજબનો છાપો જો કદાપી તાંહાંજ લેવાયો હોત તો, બંદરો ખાતેથી થતી ચહડત ધીલમાં પડતે, અને જે જગાઓ ઉપરથી આવતા માલની જગાત લેવા માટે તાંહાં ચોકીઓ, અને માણુશો રાખવાની સરકારને ફરજ પડતે ; એટલુંજ નહીં પણ તેના સંબંધમાં બીજો વીશેસ ખરચ થાતે. ઉપલી મંડલી વાલાઓએ પોતાની ભલામણના ટેકામાં એમબી જણાવેઊં હતું કે, મુંબઈ ની "સ્પીનીંગો" ઈ આને વનાવટના કારખાનાઓ દર વરશે ૬૦ હજાર ગાંસડીઓ ખપમા લીએ છે, માટે મુંબઈ થી નીકાસ થતા માલ ઉપર જગાત લેવાએ તો એટલી ગાંસડીઓની જગાત સરકારને મલશે નહીં ; આના જવાબમાં, આ હીંમતવાન નરે જણાવેઊં કે, મુંબઇના કારખાના વાલાઓ ૬૦ નહી પણ ૫૦ હજાર ગાંસડીઓ ખપમાં લીએ છે, અને ફકત એટલીજ ગાંસડીઓ ઉપર છાપો મેલવવાને ખાતર ઘણો વાંધો લેવામાં આવે. માટે નીકાસ થતાં બંદરો અને જગાઓ ઉપરથી જગાત લેવી નામુનાશેબ છે. એ બાબદમાં કેટલીક તકરારો થવા બાદ આ શેઠની શોચના સભા અંદર બાહાલ રહી હતી, તે બાબેની નોંધ કાઉનશીલ રીપોટને સફે ૨૦૫ તથા ૨૦૬ ની અંદર વીસતારી લખેલી છે."

"સરકારી બંદરો ઉપર દસતુરી લેવા બાબેના ધારાને શીલેક્ટ કમીટી તપાશી રહેઆ પછે, એ સભા અંદર ૧૮૭૦ ના અકટોબરની

૧૨ મી તારીખે નીકલેલી તકરાર વખતે આ શેઠ બેરામજીએ તેઓને ખોલાશો કરી કહેર્યું કે, ભાડુતી ગાડાંઓ ઉપર દસતુરી લેવા બાબે જે જણાવેલ છેંચ, તેને ઠેકાંણે ભાર બરદારી ગાડાંઓ ઉપર લેવાનું દાખલ કરવું જોઈએ. અને તેના દાખલામાં હેવી દલીલ દેખાડી કે મુંબઇમાં કેટલીક પેહડી વાલાઓ પોતાનો માલ લાવ લઈજાવ માટે ઘેરના ગાડાંઓ જે રાખી બેઠાચ, તેઓ ભાડુતીનો બોલ કાએદામાં કાએમ રહેઆથી દસતુરીના દબાનમાંથી છટકી જશે. આ વાંધો તેમનો એટલો તો ધ્યેઆણ આપવા જોગ વાજબી ઠડેઓ કે, ભાડુતીનો બોલ જો બાહાલ રહેઓ હોત તો મુકાદમો તથા બીજા લોકો પોતાના ઘર ગાડાંઓ બનવાવીને દસતુરી આપવાથી સજ્જર બચી જતે ; પણ આટલો ખોલાશો આ શેઠીઆએ કીધાથી કાએદાની અગતનો અસલી કલમમાં ફેરફાર થયો. આ બાબેની નોંધ તાંહાંના રિપોરટને સફે ૩૪ તથા ૩૫ માં લેવાઇ છે."

"૧૮૭૧ ની સાલમાં જમીન ઉપર કર નાખવા બાબે એક બીલ સભાની આગલ જે રજુ થયું હતું, તે તદન કહડાવી નાખતાં જો વાજેબી જણાએ તો તેને બદલે લગણ જેવી સુભ તીરથો પર તેહવો છાપો નાખવાની શોચણાબી આએજ શેઠે સભામાં કહી સંભલાવી હતી ; પણ તે ધારો તાર પછે અંમલમાં આવતો અટકી પડેઓ છે."

આ ઉપરાંત બીજી સેવાઓના બદલામાં શેઠને કેટલાંક માનપત્રો મલ્યાં હતાં તેમાંથી સચીનની દરબારનું માનપત્ર બહુ જાણવા જોગ હોવાથી તેની અસલ એબારતમાંજ રજુ કરૂં છું :—

માનપતરની નકલ.

મોહબત વ મદતપનાહ, નીશાન

હાંનરેબલ બેરામજી જીજીભાઈ, મુકાંમ મુંબઇ.

દામે મોહબાતહુ.

' અજદીલ એખલાસ સરકાર નવાબ સાહેબ શીધી હીભરાઈમ મહમદ યાકુતખાન સાહેબ મુબારજઉલ દઉલા નુસરત જંગબાહદુરની સલાંમ બાદ લખવા મકશુદ એછે જે, સરકાર સવારી મુંબઇ આવી, તે વખતે તમારી મુલાકાતમાં જેમ લીઆકાત, અકલમંદી તથા મીલનસારી તેમજ ખુશ મીજાજી તમારામાં જોઈ હતી ; વલી મુંબઈ ઇલાકાની ધારાં બાંધનારી સભાથી જધરી વીગેરેના કારણોને લીધે હાલમાં તમો ફીનારેકસ થયા, તે સાંભલી સરકારને નાખુશી ઉપજી છે; કારણ કે તેમ થવું મુંબઈ ઇલાકાની રઇયતના હકમાં નુકશાન કરતું દેખાય છે. જે સદરહુ સભામા ચાર વરસ સુધી તમો સાંમેલ રહીને, તે દરમીઆન પોતાનો કીમતી વખત લોકોના લાભમાં, તથા તમારા ઉમદા વીચારો ગવરનર સાહેબને, તેમજ કાંઉનસીલના બીજા મેમબરોને આપવામાં ગુજારેઓ, અને જે ધારાઓ બંધાયા તે બાબે મુંબઈ ઈલાકાની તમામ રઈઅત તમારા હકમા શોકર કરેછે. હાવા મોટા જોખમ ભરેલાં કાંમમા મશગુલ રહીને, લોકોની મરજી સંપાદન કરવી ઘણી મુસકેલ છે ;

પણ ખુદાના હોકમથી તમોએ તે બાબદને શેહલથી પસાર કીધી, તે વાત સાંભલી સરકાર ઘણા ખુશ થયા. ખુદાતાલા તમોને, તમારાં બચાંઓના શીર ઉપર કાએમ વ દાએમ રાખે, અને દુનીઆંનો હજ લાંમબી મુદત સુધી ઉઠાવવો તમોને નસીબ કરે. તા૦ ૨૨ મી માહે સાબાંન સને ૧૨૮૯ હીજરી. ''

સચીનના
દરબારની
મોહર.

શેઠ બેહરામજીની સખાવતો.

પોતાના વડવા જીજીભાઈ દાદાભાઈનું ખમીર શેઠ બહેરામજી પૂરતી સારી રીતે ધરાવતા હતા તે એ ઉપરથી જણાશે કે જેમ તેઓ પોતાનું એક ટ્રસ્ટ જે રૂપિયા ત્રણ લાખ સુધીનું મૂકી ગયા તેમ બહેરામજી શેઠ તેવું સેટલમેન્ટ ટ્રસ્ટ રૂપિયા છત્રીસ લાખ સુધીનું મૂકી ગયા હતા.

આ ઉપરાંત ૧૮૬૨ નાં સાલમાં બહેરામજી શેઠે રૂા. ૨,૧૨,૫૦૦] નું એક એલાહેદું ફંડ સ્થાપ્યું અને તેનું વ્યાજ અને ઉપજ જે આજે રૂપિયા ૧૦ હજાર જેટલી થવા જાય છે તે ધાર્મિક કામોમાં વાપરવા ફરમાયશ કરી ગયા હતા. આ તેમની ધર્મ અને યકીન ઉપરના આ સ્થાનો પૂરાવો આપે છે.

કેળવણી પાછળ તેઓએ જે નાણું ખર્ચ્યું છે તેમાં બે ખાતાં આપણું મૂળ ધ્યાન ખેંચે છે. પહેલાં તો ૧૮૭૮ માં એમનાં અમરનામ સાથે જોડાયલી બહેરામજી જીજીભાઈ મેડીકલ સ્કૂલ જે તેમણે સ્થાપી હતી તે અને બીજી સંસ્થા ચર્નીરોડ ખાતે એમણે ગરીબ પારસીઓ માટે કોલેજ બાંધી આપી જેનું નામ બહેરામજી જીજીભાઈ પારસી ચેરિટેબલ સ્કૂલ કરીને જે છે તે છે. પુણા ખાતે જે મેડીકલ સ્કૂલ બાંધી છે તે પાછળ તેમને રૂપિયા અરધો લાખ

ઉપર ખર્ચ થયો હતો અને તે મકાન બહેરામજીએ સરકારને સ્વાધીન કર્યું હતું. આ કાલેજ ખુલ્લી મૂકવાની ક્રિયા મજકૂર સાલના ડીસેમ્બર માસમાં તે વખતના ગવર્નર સર રીચર્ડ ટેમ્પલે કરી હતી કે જેણે પોતાનાં ભાષણ વેળા બહેરામજી શેઠની ભારે સ્તુતી કરી હતી. તેજ રીતે મજકૂર કીસમની એક વધુશાળા તેઓએ અહમદાબાદ ખાતે રૂપિયા પચીસ હજારના ખર્ચે બંધાવી આવી હતી. જ્યારેઆ અહમદાવાદ ખાતે રોગ વિગેરેનો ઉપદ્રવ વધી ગયો છે ત્યારે આ સ્કૂલના વિદ્યાર્થિ-ઓએ લોકોની ભારે સેવા બજાવી છે.

વળી એજ રીતે ભીવંડી, ઠાણા વિગેરે જેવાં નાનાં સ્થળોએબી બહેરામજીએ પારસીઓ તેમજ બીજી કોમવાળાઓને તેમની ધાર્મિક યા કે કેળવણીની સંસ્થાઓ ચલાવવામાં કીંમતી મદદ આપી હતી. તેવા રીતે ઈરાનના જરથોસ્તીઓની હાલત સુધારવા બાબોનાં ફંડમાં, જરથોશતી બાળકોને કેળવણી આપવાનાં ફંડમાં, કલકત્તાની પારસી પંચાયતનાં ફંડમાં તેમજ ત્યાંના જરથોસ્તીઓ ને અવલ મંજલ પ્હોંચાડવાનાં ફંડમાં મોટી રકમની મદદો કરી હતી.

અહમદાબાદની પાસે આવેલાં મહેમુદાબાદ નામનાં ગામમાં ગરીબોને દવાદારૂની બહુ હાજત પડતી હતી તો તે ઉપરથી તેઓએ પોતાના નેક ધણિયાણિ માણેકબાઈનાં પુણ્યઅર્થે "બાઈ માણેકબાઇ બહેરામજી ડીસ્પેન્સરી" નામનું એક દવાખાનું બાંધી આપ્યું હતું જેનો આજ સુધીમાં સેંકડો દર્દીઓએ લાભ લીધો છે. તેમની રહેમ

દીલી એટલી બધી હતી કે એક વખતે પોતે વરલીના દર્યા આગળ જ્યારે ફરતા હતા ત્યારે એક વ્હાણ તોફાનમાં સપડાઈ ગયું અને બાપડા ખલાસીઓ માર્યા જવા લાગ્યા. તરતજ બહેરામજીએ ત્યાં એકઠાં મળેલાંઓને જણાવ્યું કે હું દરેક જીંદગી દીઠ રૂપિયા એક એક હજાર આપવા ખુશ છું; જો કોઇબી જઇને ડૂબતાં માણસોને બચાવે." પણ કમનસીબે શેઠજીની ઇચ્છા બર આવી નહિ.

બહેરામજી જીજીભાઈ પારસી ચેરિટેબલ સ્કૂલ.

પણ જે કામથી બહેરામજી શેઠનું નામ કોમ તેમજ મુંબઈમાં અમર રહેશે તે તેમણે સ્થાપન કરેલી બહેરામજી જીજીભાઈ પારસી ચેરિટેબલ સ્કૂલને લીધે છે. સર જમશેદજી જીજીભાઈ સ્કૂલમાં ગરીબ પારસી વિદ્યાર્થીઓની સંખ્યા વધી પડી અને વિદ્યાર્થિઓને પૂરતો આશરો નહિ મળવા લાગ્યો ત્યારે તેમણે એવું ઇચ્છયું કે તે વધારાના વિદ્યાર્થિઓને પ્હોંચી વળવા સારૂ એક તેવુંજ બીજું નમુનેદાર ખાતું સ્થાપ્યું હોય તો ગરીબ હમદીનોની હાજત ટળે. આ ઉપરથી ખરેખરી રહેમ દીલીના જુસ્સાથી પ્રેરાઇ બહેરામજીએ ૨૯ મી ઓગસ્ટ ૧૮૯૦ નાં દિને એક ટ્રસ્ટ ડીડ કીધું અને તે મારફતે રૂપિયા સાડા ત્રણ લાખની રકમનાં ૪॥ ટકા વાળાં સરકારી કાગળ્યાનાં આકારમાં રુપિયા ૩॥ લાખ અને ૬૮॥ હજાર ટ્રસ્ટીઓને સ્વાધીન કીધા. સેટલમેન્ટ ટ્રસ્ટ માંથી કારોબારીઓએ રૂા. ૭૧,૦૭૭ આપ્યા, અને બહેરામજીના દોસ્ત આસ્નાઓ તેમજ સગાંવ્હાલાંઓએ સ્થાપનાના પ્રસંગનો લાભ લઇ રૂા. ૬૫૦૦ ની રકમ ઉમેરી. પાછળથી વ્યાજના રૂા. ૩૩,૨૦૦ ઉમેરાયા. એમ કરીને નીચે દેખાડયા પ્રમાણે ફંડના

રૂપીયા પાછળથી સીકયુરીટીઓ ફેરફાર કરીને હાલ રોકવામાં આવ્યા છે :—

રૂા. ૨,૦૯,૬૦૦ — ૩ા ટકાવાળાં સરકારી કાગળમાં.
,, ૨,૦૭૦૦૦ — મ્યુનિસિપલ બોન્ડ પાંચ ટકાવાળા.
,, ૨૦,૦૦૦ — ,, ૪ ટકાવાળા.
,, ૨૫,૬૦૦ — પોર્ટ ટ્રસ્ટના બોન્ડ ૪ ટકાવાળા.

શાળાને ત્રણ વિભાગમાં વ્હેંચી નાંખવામાં આવી અને ૧૩ વર્ગો ખોલવામાં આવ્યા. ખરેખરા ગરીબ છોકરાઓને મુફત કેળવણી આપવામાં આવેછે અને સાધનવાળા છોકરાઓ કનેથી નામની ફી લેવામાં આવે છે. પાછળથી તેમાં વેપારી શિક્ષણઆમેજ કરવાને ચળવળ ચલાવવામાં આવી અને બનતાં સુધી તેને પારસીઓમાં વેપારવણજનું જ્ઞાન ખીલે એવી રીતની સ્કૂલજ બનાવવાનો ઇરાદો રાખવામાં આવ્યો. તેના પહેલાવ્હેલા પ્રીન્સીપાલ મી૦ ફરામજી કાવશજી બનાજી એમ. એ. હતા, જયારે પહેલા ટ્રસ્ટીઓ નીચે મુજબ હતાઃ—

શેઠ રૂસ્તમજી નાનાભાઇ બહેરામજી જીજીભાઇ
ખાનબહાદુર શેઠ રૂસ્તમજી જમાસ્પજી એશબરનર
શેઠ પેસ્તનજી નશરવાનજી વાડીઆ
શેઠ મહેરવાનજી નશરવાનજી વાડીઆ
ખાનબહાદુર શેઠ મંચેરજી કાવશજી મર્ઝબાન
સર જમશેદજી જીજીભાઈ

બહેરામજી શેઠનું મરણ.

બહેરામજી વાર શુક્ર અને ૧૬ મી સપ્ટેમ્બરે ૧૮૯૦ નાં સાલમાં પોતાના રહેવાના બંગલામાં હકક થયા હતા. ઉઠમણાંની ક્રિયા જે એ દિવસ વિત્યા બાદ ભરાઈ હતી તેમાં તેમની પોતાની પુંજીમાંથી રૂ. ૧૦૦૦૦), નબીરા શેઠ રૂસતમજી નાનાભાઇ બહેરામજી જીજીભાઈએ રૂ. ૫૫૩૦), નબીરી બાઇ ગુલબાઈ તથા તેમના ખાવીંદ શેઠ બહેરામજી દાનશાહજી પીટીટ અને છોકરાંઓ જાંગીર તથા ધનજીભાઇ તથા પીરોજશાહ તથા દીનબાઇ તથા માણેકબાઈ એ મળી રૂ. ૨૫૦૦), બહેન બાઇ બચુબાઇ તે મરહુમ શેઠ નવરોજજી કાવસજી આશબરનરનાં વીધવાએ રૂ. ૧૦૦૦) તથા પ્રાઇવેટ સેક્રેટરી શેઠ પેશતનજી નશરવાનજી વાડીઆએ રૂ. ૧૦૦) મલી રૂ. ૧૯૧૩૦ ધર્મખાતાંઓમાં આપ્યા હતા. ઉઠમણાંની ક્રીઆ પુરી થવા બાદ દસ્તુર જામાસજી મીનોચેહરજી જામાસ્પ આશાનાની દરખાસ્ત ઉપરથી એ મરહુમ ગ્રહસ્થનું નામ જરથોસ્તી દીનની જાહેર ક્રીયાઓમાં બીજા બુઝોર્ગ ગુજારેલાઓનાં નામ સાથે દેવા ઠરાવવામાં આપ્યું હતું.

મહુંમનાં દીકરાદીકરીઓ.

બહેરામજીનાં દીકરાદીકરીઓની હવે ઉડતી તપાસ લઇને આપણો વિષય ખતમ કરીશું. બહેરામજીને ત્યાં ૧૧ ફરઝન્દોની વૃધ્ધિ થઈ હતી. તેમાં એકલા ફકત નાનાભાઈજ હૈયાત રહ્યા હતા. તેઓએ પોતાના પિતાની માફક શરૂઆતથી વેપારધંધામાં પોતાનું ચિત્ત લગાડયું હતું. સર્વે જાહેર હિલચાલોમાં તેમની આગેવાની અમુલ્ય અને ઉલટમંદ હતી. તેઓ જસ્ટિસ ઓફ ધી પીસ ઉપરાંત યુનિવ્હર્સિટિના એક ફેલો, સેવિંગ્સ બેંકના એક ડીરેકટર, કારપોરેશનના એક અઠંગ સભાસદ તેમજ જૂની ટાઉન કાઉન્સીલના એક આગેવાન મેમ્બર હતા. મુંબઇની કેટલીક ઇન્શ્યુરન્સ કંપની સ્થાપન કરવામાં તેમનો મુખ્ય હાથ હતો તેમજ કેટલીક મીલો અને જુદાં જુદાં વેપારી ખાતાંઓ સાથે તેઓ સીધો સંબંધ ધરાવતા હતા. ગ્રેટ ઇસ્ટર્ન સ્પીનીંગ વીવીંગ કંપની, ન્યુ બીરાર કંપની, ઓરિયન્ટલ લાઇફ ઈન્શ્યુરન્સ કંપની, અલાયન્સ સ્પીનીંગ વીવીંગ કંપની, રીપન મેન્યુફેકચરીંગ કંપની, ન્યુ એપોલો પ્રેસ, રીપન ગોલ્ડ માઈનીંગ કંપની વિગેરેમાં નાનાભાઇની શામેલગીરી અમુલ્ય લેખાતી હતી. તેમાં રેલ્વે કંપની સાથે એટલું બધુ સારૂ ધરાવતા હતા કે જો કોઇબી બેકાર જરથોશતી રેલ્વેમાં એવણની ચીઠ્ઠી લઈ જતો તો તે વખતનો મેનેજીંગ એજન્ટ તેને નક્કીજ નોકરીએ રાખતો.

૧૮૭૪ નાં જાણીતાં મુસલમાન હુલ્લડ વેળાએ નાનાભાઈ એ કાંઈક પારસી કુટુંબોનો બચાવ કીધો હતો અને ગરીબડા પારસીઓને સમય સૂચકતા વાપરીને મદદો કરી હતી. તેમને તેમના પિતાની પેઠે મુસાફરીનો ભારે શોખ હતો અને વારેઘડીએ જૂદે જૂદે ઠેકાણે જતા. ખંડાળા તો તેમની જીંદગી માટે આસાયેશનું ધામ હતું. એક વેળાએ તેમની એક કંપની નાણાં સંબંધી મુસીબતમાં આવી પડી હતી ત્યારે એમના પિતા શેઠ બહેરામજીએ રૂપિયા ૧૫) લાખ એકે તડાકે કાઢી આપી તેમને મુસીબાતમાંથી બચાવી લીધા હતા જે બહેરામજી શેઠની કીર્તિની કલગીરમાં ઓર એક એક પીછું ઉમેરે છે.

નાનાભાઇ ઉપર લકવાએ ત્રણ વેળા ગલબો કીધો હતો જેની અસર હેઠળ તેઓ ૧૯૧૪ ના ફેબ્રુઆરિ માસમાં મરણ પામ્યા હતા.

મહુંમના પુણ્ય અર્થે તેમના દોસ્ત આસ્નાઓ અને મિત્રો તેમજ સગાં સ્નેહીઓએ કુલ્લે રુપિયા ૩૨,૯૫૦ ભર્યા હતા. આ ફંડમાંથી બહેરામજી જીજીભાઇવાળી સ્કૂલમાં ગરીબ પારસી વિદ્યાર્થીઓને " નાનાભાઇ બહેરામજી જીજીભાઇ ભોજન ફંડ " નામનાં ફંડ હેઠળ દરરોજ મુફત ખાવાનું પુરૂં પાડવા સારૂ વાપરવાનું ઠરાવવામાં આવ્યું હતું તેમજ પારસી જનરલ હોસ્પીટલનાં ફંડમાં બાકીનો હિસ્સો વાપરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

શેઠ નાનાભાઇ ગુજર્યા ત્યારે પુરાણાં "**ચાબુક**" પત્રે નીચલી લીટીઓમાં તે મહુંમની તારીફ કરી હતી તે તેની અસલ ઝબાનમાંજ અત્રે હું ઉતારા લઉં છું જે વાંચનારને ખ્યાલ પૂરો પાડશે કે તેમની મોટાઇના તે વખતે કેમ ગુણ ગવાયા હતા.

" સઘલાં પનંડોમો વખાણુંએલાં અને સઘલા મહજબોમો બુજરોગી અને માન પામેલા માજદીઅશની ટોળાનો એક નામીઓ આલીશાંન દોલતનીશાંન શેઠ જીજીભાઈ દાદાભાઇ મુંગાના ... આએ ફાંની એમતા અને વગર ભરોશાની દુનીઆંને પોતાનો માટીથી શીનગારેલો જામો શોપી હેનાં અશોઈ ભરેલાં રૂઉએ જાવેદાની અને ખરા ભરોશાના ફુલકઉલ અક્લાકમો હેનાં પાકીજે પેગમબરની બગલમો જાઇ વાશો કીધો. એ મરનારની પીછાન તેહકીક કરવા મો—એ નામવરે પોતાની ઘણીખરી વએ અતરેના નામીચા ઈરોપીઆંન તુજારો અને પેહેડીલાળાઓને તાંહાં મોહોટી આબરૂ ભારે હોરમત અને અટીશે આંતથી દલાલીનું કામ કરતો હતો, તેથી કરી શું ઈરોપીઅન, શું હીનદુ—મુસલમાન અને હમજાતી વેપારી વેહેવારીમો એ મરનાર સારી ઓલખાણ અને જાન પીછાન રાખતો હતો એટલુંજ નહી પણ તે સાથે ચીન અને ઇરોપ અને બીજા દેશોમો પોતાનો ખાસ વેપાર ચલાવતો હતો તેથી અતરેની સઘળી સોસાઈતી અને મંડળીઓમો જીજીભાઇ એક પેહેલા દરજાના વેપારીઓની તેક અને તેજ ધરાવતો હતો. આપણી અંજુમનનો એ એક

અકાબ્બર હતો તે હવે તો નીવડયો અને દીપી નીકળીઓ કે ગોએઆ ગરીબ લાચારોનો ખરો પીતા હતો. પહરેજ-ગારી—એબાદત અને રીઆજતમા જીજીભાઇની પીછાણ લેવી હોએ તો એક દરેમહેરનો ખાસ સુતવલી અને મોબેદોને એક નમનતાઇભરેલો તાબેદાર—દીનદારીમો કોઇ ખરો જર-થોસતીઓનો ઇઆર—દસતુર અને દાવરો ઉપર હમેશે એ કરતો હતો પીઆર. તકલુફ—તાજો વ તવાજોમો જીજીભાઈ એક અછો ઉમરાવ અને કોઇ ખરો નેકરાહા જરથોસતી હતો. મરનાર નમનતાઇ હેવી તો ધરાવતો હતો કે એક વેળાએ કમાન તેહેની આગળ શરમીનદગી હાંશેલ કરતી હતી. ધરમાતમાં અને સખાવતમો લાચારોનો સવાલ સમ-પુરણ કરનાર, શુધી દીઆનત, ચોખાં વેહેવાર, ખરી આંત. અને વેપારીઓને કરતો હતો રાહાત. દોશતી, ખેરખાઇ અને મોહોબતમા એ મરનાર ખોશરો અને શીરીનની ખવાશનો હતો. પારસીમા સાહેબે શલતનની ખવાશ ધરાવતો હતો, તોપણ જાણે એક માહાજનના શેઠીયાની ખુબીનો દેખાતો હતો—શોદાગર હતો પણ એક શાદો અને અમીરી મીજા-જનો દરદી અને ગરજીઓનો દાદખાં—દુ:ખીઆરાંઓનો નેધા-બાંન—અને ગરીબોની ફરીઆદો ઉપર કરતો હતો હમેશે કાંન. અકલ અને હોશરીમો કોઇ હતો ચતુરશજાન. એ મરનાર હંમેશ દાનેશમંદો શંઘાથે દોશતી રાખતો હતો અને હેનો અઇયારશીજાંન હેકમત અને ખોદા તાલાની પેદાએશની પીછાન

ઉપર કુરબાન હતો. જીજીભાઇ પોતાની છેલી ઘડી સુધી દોલતથી ભરપૂર—એક ભાએગવન અને પુતરવાંન થાઇ ગયો. એ મરનાર હજારોસે વહેવાર રાખતો—સેંકડોનું પાલન કરતો હતો તેથી આએ તાપુમો એ મરનાર એક ભારી કીરતી અને અતીશે વખાણ અને ભારે માન ધરાવતો હતો. જીજીભાઇ એક રહેમ દીલનો—ખરી દેઆંનત—એટલુંજ નહીં પણ આએ આબાદ વશતીમો હેની એટલી તો ખુબી હતી કે તે સરવેને ઇઆદ રહેશે કેઆમત—એ મરનાર ગરીબ અને તવંગીરની મોટાઈને એક કરી જાણતો—મીશકીન હાલ ઉપર ભારે દયા આંનતો અને મોહટાઇ તો કસી તરેહથી નહી જાણતો."

નાનાભાઈના દીકરા રૂસ્તમજીએ પોતાના વડીલ બાપની પેઠે ધંધોધાપો વધાર્યો હતો. તેમજ સખાવતોબી કરી હતી. અને તેમની પૂઠે આજે હાલના શેઠ બહેરામજી જીજીભાઈ બી ચાલે છે જે તેમની અત્યાર સુધીમાં થઈ ચૂકેલી લાખોની સખાવતો પરથી માલૂમ પડી ચૂકે છે. વળી હાલના બહેરામજી શેઠમાં જે ખાસ ઉત્તમ ગુણ છે તે એકે પારસી ઉપરાંત પોતાના દેશની બીજી કોમોને તેઓ કદી વીસરતા નથી.

થોડીક પરચુરણ બાબદો.

બહેરામજીના બાબમાં થોડીક જાણવાજોગ પરચુરણ બાબદો અત્રે લઈશું. લગ્ન પ્રસંગે પોતા પર પૈસો ખર્ચવો એ તો એક સામાન્ય માનસિક ગુણ છે પણ તે ઉપરાંત બહેરામજીએ પોતાને ત્યાં જે જે શાદી રામશનીઓ થઈ હતી તે વખતે ગરીબોને યાદ કીધાં હતાં. શેઠ નાનાભાઈનાં લગ્ન ટાંકણે રૂા. ૨,૧૨,૫૦૦ ની રકમ ધર્મખાતે એલાહેદી કાઢી હતી અને તે માટે જે સાત ટ્રસ્ટીઓને ઠરાવ્યા હતા તેઓમાં શેઠ મંગલદાસ નાથુભાઈ, શેઠ દીનશાહજી પીટીટ, શેઠ હોરમસજી બહમનજી વાડીઆ, શેઠ મહેરવાનજી પાંડે અને મી૦ જેફરસન કરીને હતા આ થાપણ એવી રીતે રોકવામાં આવી કે પહેલે વર્ષે રૂા. ૬૦૦૦ થાય, બીજે સાલ તેથી ૧૦૦ વધે; ત્રીજે વર્ષે તેથી વધે એમ કરીને વધતી જતી રકમ ધર્મખાતે વપરાય.

લગ્ન વખતે ખુદ ગવર્નર સર સેમૂર ફીટઝજેરલ્ડ પણ હાજર હતો જે એક બહુ અગત્યની બીના લેખવામાં આવી શકે.

વળી અગાઉ સર જમશેદજી જેવાજ મોટા શહેરી ગર્વનર તેમજ અમલદાર વર્ગને "બૉલ" જેવી વાર્ષિક મોજ આપી શકતા. તે

બાબે બીજા કોઈથી હાલ ભીડાય નહિ એવું હતું. પણ ત્યાર પછી બીજો કોઈ બી દેશી શેઠિયો હતો તો તે બહેરામજી જીજીભાઈ હતા.

૧૮૭૧ નાં સાલના ડીસેમ્બર માસમાં બહેરામજીને "કોલેજ ઓવ આર્મસ" તરફથી એક ઉત્તમ પોષાકની બક્ષેશ થઇ હતી, જેમાં તેમનો એવો અસર કારકરીતે ચિતાર આપ્યો છે કે તેમનો દરેક ગુણ બાહેર આવી શકે. અને ચિત્રની નીચે એમના બે ખાસ ગુણોનાં નામ Motto દાખલ લેવામાં આવ્યાં છે યાને કે "સદ્‌ગુણ અને શ્રમ" આ માન તેમની જગમશહૂર સખાવતના બદલામાં આપવામાં આવ્યું હતું.

વળી બહેરામજીએ જાહેર નાણું આપ્યા ઉપરાંત ખાનગી મદદો કાંઇક આપી હતી. અમેરિકન સીવીલ લડાઈ વખતે જ્યારે વિલાયતના ગરીબ કામદારો ભુખે મરવા લાગ્યા ત્યારે તેમની મદદ અર્થે સ્થાપન કરવામાં આવેલાં ફંડમાં, નાગપૂર ખાતે ભરાયેલાં સંગ્રહસ્થાનનાં ફંડમાં, પૂણા ખાતેનાં જરથોસ્તી રવાનોને અવલ-મંજલ પહોંચાડવાનાં ફંડમાં, ગુજરાત ખાતે આવેલી રેલનાં સંકટ નિવારણ ફંડમાં, ઇલાવ ખાતેની અગિયારીના ફંડમાં વિગેરે ઠેકાણે રૂપિયા લગભગ બે લાખ સુધીના વધુ સખાવતનાં આપ્યા હતા.

પહેલાં ગ્રાન્ટ રોડ સુધીજ બી. બી. એન્ડ સી. આઈ રેલ્વેની ગાડીઓ આવી અટકતી હતી. પણ શેઠ બહેરામજીની લડતને અંગે બીજાં ત્રણ વધુ સ્ટેશનો બન્યાં હતાં અને તે પર ઓછા દર લેવાની હિમાયત એમણે જ કરી હતી.

ઇરાનમાં એક વખતે દુકાળ જાગ્યો ત્યારે ત્યાંથી કેટલાંક ઇરાની કુટુમ્બો અત્રે આવ્યાં. તેમને રક્ષણ આપવા સારૂ બહેરામજીએ પોતાનું " ઘોર " નામનું ગામ જ્યાં તેમનો મોટો વઝીફો હતો તે તેમને રહેવા માટે આપ્યું એટલુંજ નહિ પણ તે જમીન ખેડી ખાવા સારૂ બી તેમણે આપી. પણ પાછળથી આ ઇરાની અંદર અંદર લડવા લાગ્યા અને ઘોર ગામનો ઈતિહાસિક સફો બંધ થયો.